ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ઓમિક્રોનના વધુ પાંચ કેસ

## શહેરમાં કોરોનાના ૧૩૧ કેસ નોંધાયા : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૫૭, સેક્ટરોમાં ૬૭ અને આઈ.આઈ.ટી.માં ૭ કેસ નોંધાયા : ૪ અધિકારીઓનો ઓમિક્રોન રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર સ્તબ્ધ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં ઓમિક્રોનના વધુ ૫ કેસ સાથે શહેરમાં કોરોનાના વધુ ૧૩૧ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૬૪૭ થઈ છે.

શહેરમાં આજે વધુ પાંચ ઓમિક્રોન કેસ નોંધાયા છે. આ બધા જ કેસો વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં નોંધાયાનું જાણવા મળેલ છે. ૪ જેટલા ઉચ્ચ અધિકારીઓ ઓમિક્રોનથી સંક્રમિત થયેલા હોવાનું જીનોપ સિકવન્સ જોતા બહાર આવ્યુ છે. આ સાથે શહેરમાં ઓમિક્રોનના દર્દીઓની સંખ્યા વધીને ૧૦ થઈ છે. અગાઉ નોંધાયેલા પાંચ ઓમિક્રોનના દર્દીઓ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

શહેરમાં આજે પાંચ ઓમિક્રોનના કેસ નોંધાતા તંત્ર સ્તબ્ધ છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ પણ વધવા પામી છે. આઈઆઈટી શિક્ષણ સંકુલ હોટસ્પોટ બની જતાં તંત્રની ચિંતા વધી છે. આજે પણ આઈઆઈટીમાંથી ૭ કેસ નવા મળ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૫૭ અને સેક્ટરોમાં ૬૭ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩૪ મહિલા દર્દી તેમજ ૨૦ વર્ષથી ઓછી વય ધરાવતા ૧૪ દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી પાંચ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં પણ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા ૨૫ થી વધુ કેસ હોવાનું જાણવા મળેલ છે.

બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલ શહેરના ગ્રામ્ય વિસ્તારમાં પણ આ વખતે જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. આજે વાવોલમાં ૧૦, રાંદેસણમાં ૯, કુડાસણમાં ૧૩, સરગાસણમાં ૧૧, ભાટમાં ૫, રાયસણમાં ૨ ઉપરાંત અંબાપુર, વાસણા હડમતિયા, કોબા, બોરીજ, પાલજ અને સુઘડમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરના સેક્ટરોમાં સે. ૧૫ માં ૩, સે. ૨ માં ૫, સે. ૧૯માં ૪, સે. ૨૯ માં ૫, સે. ૨૩ માં ૫, સે. ૩ માં ૫, સે. ૪ માં ૩, સે. ૨૨ માં ૩, સે. ૨૬માં ૩, સે. ૮ માં ૩, સે. ૧ માં ૭ કેસ નોંધાયા છે. સે. ૨૫, સે. ૧૧, સે. ૩૦, સે. ૭ માંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૮ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે.

શહેરમાં આજે ૫૬૦ થી વધુ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે ૨૬૬ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરેલા છે. શહેરમાં ૬ હજાર લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન ક્વોરોન્ટાઈન અને કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની સૂચનાઓ જારી કરી છે.

# શહેરનો પોઝીટીવીટી રેટ ૮ ટકાએ પહોંચ્યો

## તંત્રની ચિંતા, લોકો ઉચાટમાં : : પ્રભારીમંત્રીએ બેડ, હોસ્પિટલ વધારવા તેમજ આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગ માટે માણસામાં ઝડપથી કાર્યવાહી પૂર્ણ કરવા જણાવ્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૮ ટકાએ પહોંચ્યો છે. જે રીતે કેસો નોંધાઈ રહ્યા છે તેથી તંત્ર પણ હવે સ્તબ્ધ બન્યુ છે.

જોકે આજે જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીએ જિલ્લામાં પોઝીટીવીટી રેટ ૪ ટકાએ પહોંચ્યો હોવાનું સ્વીકાર્યુ છે. તેમણે આજે સમીક્ષા બેઠકમાં વધુ હોસ્પિટલોને આઈડેન્ટીફાય કરવા માટે તેમજ બેડની વધુ સુવિધા ઉપલબ્ધ બની રહે તે જોવા માટેની સૂચનાઓ આપી છે.



શહેર-જિલ્લામાં આ વખતે જે ઝડપથી કોવિડનું કોન્યુનીટી ટ્રાન્સમીશન થયુ છે તે ચિંતા ઉપજાવે છે. બીજી તરફ શહેરમાં આજે વધુ ઓમિક્રોનના કેસો નોંધાયા છે. શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તે આંકડાઓને લઈ સૌ કોઈ હચમચી ગયુ છે.

શહેરમાં ૨૬૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૯૯ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા છે. અર્થાત ૩૬૫ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર થઈ ચુક્યા છે અને ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

પ્રભારી મંત્રીએ પણ વધતા જતા કેસોને પગલે માણસા સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ઝડપથી આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગની કામગીરી શરૂ થાય તે માટેની સૂચના પણ આપી છે.

શહેર-જિલ્લામાં હાલ હોસ્પિટલાઈઝેશન દર ઓછો જરૂર છે પણ આગામી દિવસોમાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી હોસ્પિટલોમાં દર્દીઓ દાખલ કરવાની નોબત આવી શકે છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં પોઝીટીવીટી રેટ વધી રહ્યો છે એમાંય ખાસ કરીને મહિલાઓ, વિદ્યાર્થીઓ અને યુવાઓ સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

તંત્રએ પણ વધારાના માનવબળની જરૂરિયાતના અંદાજો તૈયાર કરી દીધા છે અને એકાદ દિવસમાં તે અંગેની દરખાસ્ત સરકારને મોકલી આપવામાં આવશે. ધન્વન્તરી રથોના ભ્રમણને લઈ જનજાગૃત્તિ થાય તે જોવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૬૪ કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૬૪ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૦૯ થઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નવ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં થઈ રહેલા વધારાથી તંત્ર પણ સ્તબ્ધ છે. તંત્રના અધિકારીઓ આજે પણ સતત દોડતા રહ્યા હતા.

જિલ્લાના દહેગામમાં ૭ અને માણસામાં આજે ૮ કેસ અને ગાંધીનગર ૨૩, કલોલમાં ૨૬ કેસ નોંધાયા છે. વધતા કેસોને પગલે તંત્રએ કોરોના ગાઈડલાઈન્સના પાલન માટેની સૂચનાઓ જારી કરી છે.

## દહેગામમાં ૭, માણસામાં ૮, ગાંધીનગરમાં ૨૩, કલોલમાં ૨૬ કેસ : ૨૭ મહિલા, ૧૯ વિદ્યાર્થી, ૧૧ કર્મયોગી, ૩ ખેડૂતો સંક્રમિતોની યાદીમાં

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૯ વિદ્યાર્થી, ૧૧ કર્મયોગી, ૩ ખેડૂત તેમજ ૨૭ મહિલાઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર-કલોલમાં ૧૪ જેટલા વિદ્યાર્થીઓ સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં આજે ૮ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૭ કેસ નોંધાયા છે. જેમાં ૩ મહિલાનો સમાવેશ થાય છે. દહેગામ અર્બનમાં ૪ કેસ નોંધાયા છે. રખિયાલમાં બે અને એક કેસ પાસુન્દ્રામાં નોંધાયો છે.

કલોલમાં આજે ૨૫ કેસ નોંધાયા છે. અદાણી શાંતિગ્રામ કલોલ અર્બન-૧ માં ૩, કલોલ અર્બન-૨ માં ૮ કેસ મળી કલાલ-શહેરમાં ૧૧ કેસ નોંધાયા છે.

માણસા તાલુકામાં ૮ કેસ નોંધાયા છે. જેમાં માણસા અર્બનમાં ૫ ઉપરાંત ફતેપુરા જાસપુરમાં ૪ કેસ, બોરીસણામાં ૬ કેસ, નારદીપુરમાં ૨ કેસ, ઉપરાંત વડાસ્વામી નાંદોલી અને સાંતેજમાંથી પણ કેસ મળી આવેલ છે.

અનોડિયા, મહુડીમાં એક-એક કેસ નોંધાયેલ છે. માણસામાં ૪ મહિલા દર્દીઓ નોંધાયેલ છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ લેકાવાડા સ્થિત સીઆરપીએફ કેમ્પસમાં આજે વધુ ૮ કેસ મળી આવ્યા છે. ધણપમાં ૩ કેસ, છાલામાં ૪ કેસ, બીએસએફ આલમપુરમાં ૨ કેસ, પીંડારડામાં ૨ કેસ તેમજ ઉવારસદ પીએચસીની હદમાં આવતા શાંતિગ્રામ અદાણીમાં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત લક્ષ્મીપુર અને સાદરામાંથી પણ કેસ મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના હસ્તકના ગામોમાં માળખાગત સુવિધાઓના કામો હાથ ધરવા માટે સર્વે કરાશે

## ફેબ્રુઆરીમાં સર્વેના અંતે ગામોમાં ખુટતી માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે ડી પી આર તૈયાર કરાશે ત્યારબાદ અગ્રતા ક્રમ નક્કી કરી વિવિધ કામગીરી હાથ ધરાશે : ગ્રામજનોને માળખાગત સુવિધાઓ ઝડપથી પુરી પાડવા માટે ગુડાનો નવતર અભિગમ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓના મામલે આગામી મહીનામાં સર્વે હાથ ધરાશે જયારે સર્વેના અંતે ગુડા હસ્તકના તમામ ગામોમાં માળખાગત સુવિધાના કામો માટે ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરીને કામોની અગ્રતા નિયત કરી ઝડપથી માળખાગત સુવિધા પુરી પાડવા માટે કામગીરી શરૂ કરી દેવાશે.ગુડા હસ્તકના ગામોમાં જરૂરી વિકાસ કામો હાથ ધરવા માટે આજે અધિકારીઓ તેમજ સરપંચ તલાટીઓની હાજરીમાં યોજાયેલી એક બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

ગુડા દ્વારા આજે શહેરી વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ અડાલજ, આદરજ મોટી, આલમપુર, નવા ધરમપુર, ચિલોડા, ડભોડા , દશેલા, દોલારાણા વાસણા, લવારપુર, લેકાવાડા, પાલજ , પીંપળજ, પિરોજપુર, પ્રાંતિયા, પુન્દ્રાસણ, રતનપુર, રૂપાલ, સરઢવ, શાહપુર, શેરથા, શિહોલી મોટી, સોનીપુર, તારાપુર, ઉવારસદ અને વલાદ ગામના સરપંચ તલાટીઓ સાથે એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગુડાના અધ્યક્ષ, મેયર, ડેપ્યુટી મેયર સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન , જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સહીત ગુડાના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ગુડા વિસ્તારમાં સમતોલ વિકાસના અભિગમ સાથે કેવા પ્રકારના માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવશે તે અંગે માહીતી આપવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે પાણીની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કાતિલ ઠંડી

## કોલ્ડવેવથી બચવા નગરજનો ઘરમાં પુરાયા : કોરોનાની સાથે કોલ્ડવેવથી બચવા માટે ઘરમાં રહેવુ સલાહભર્યુ : શહેરમાં સતત બીજા દિવસે પણ ઠંડીનો પારો ઉંચકાયો : હજુ બે ત્રણ દિવસ ઠંડીનુ જોર રહેશે : આકરી ઠંડીની અસરથી સેકટરોમાં સુનકાર : લઘુત્તમ તાપમાન ૭.૧ ડીગ્રી

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં દિનપ્રતિદિન ઠંડીનો કહેર વધી રહ્યો છે. કાતિલ ઠંડીની સાથે કોરોનાએ પણ કહેર વર્તાવ્યો છે. જેના લીધે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહેવા માટે મજબુર બન્યા છે. આજે પણ ઠંડીનુ જોર વધ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૭.૧ ડીગ્રી પહોંચી ગયુ હતુ. સતત બીજા દિવસે પણ ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં રહેતા નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ હજુ બે ત્રણ દિવસ ઠંડી આકરી રહેશે ત્યારબાદ કોલ્ડવેવનુ જોર ઘટી જશે. ઠંડી આક્રમક બનતા શહેરમાં વહેલી સવારે અને ઢળતી સાંજ બાદ સન્નાટો જોવા મળી રહ્યો છે.



કોરોનાની સાથે ઠંડીએ પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જનજીવન બેવડી રીતે પ્રભાવિત થયુ છે.

ગાંધીનગરમાં રોજબરોજ ઠંડીનુ પ્રમાણ વધી રહ્યુ છે. આજે સતત બીજા દિવસે ઠંડીનો પારો ઉગ્ર બની રહેતા લઘુત્તમ તાપમાન ૭.૧ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલે પણ ૭.૩ ડીગ્રી સાથે ઠંડી અસહ્ય બની હતી. આક્રમક ઠંડીના લીધે નગરજનો કોલ્ડવેવથી થર થર ધ્રુજી રહ્યા છે. અગાઉ સિઝનની મહત્તમ ઠંડી ૬.૫ ડીગ્રી રહી હતી જયારે હાલ ઠંડીનો પારો રેકર્ડ બ્રેક તાપમાનથી દોરાવો દુર છે. આકરી ઠંડીએ સૌ કોઈને સુન્ન કરી દીધા છે. વહેલી સવારે અને ઢળતી સાંજ બાદ ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. ગાંધીનગર અને ઉત્તર ગુજરાત સહીતના વિસ્તારમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા આકરી ઠંડીથી સૌ કોઈ પ્રભાવિત છે. કોલ્ડવેવથી બચવા માટે ઘરોમાં હીટર શરૂ થઈ ગયા છે. જયારે નગરજનો દિવસ રાત ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. નલિયા બાદ ગાંધીનગર રાજયનુ સૌથી ઠંડુ શહેર છે. શહેરમાં શિયાળાની મોસમ આ વર્ષે આક્રમક અને વિચિત્ર જોવા મળી રહ્યો છે. શિયાળાના દિવસોમાં વાતાવરણ પલ્ટાની સાથે વારંવાર વરસાદી છાંટણા વરસતા ઠંડીની મોસમ વધુ આકરી બની છે. વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. આ ઉપરાંત શીતલહેરના ઠંડીએ કાતિલ સ્વરૂપ ધારણ

● અનુસંધાન પાન-૭ પર

# ૧૨મીની સામાન્ય સભામાં સલામત અંતર જળવાય તે માટે પ્રવેશ નિષેધ કડક કરો

ગાંધીનગર, તા. ૧૦

૧૨મીએ મળનારી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સભ્યો, પત્રકારો અને અધિકારીઓ, ધારાસભ્યો સિવાય કોઈને પ્રવેશ ન આપવાની માંગણી કોંગી સદસ્ય અજીતસિંહ રાઠોડે કરી છે.

કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે મોટ આ સભામાં વિશેષ હાજરીની મંજૂરી નહિ આપવા માટે રાઠોડે જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે હાલ પંચાયતનો સભાખંડ નાનો છે ત્યારે અને જે રીતે કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે સલામત અંતર બધાની વચ્ચે જળવાઈ રહે તે જરૂરી છે. તેમણે જિલ્લામાં વધેલા સંક્રમણને લઈ પણ ચિંતાની લાગણી વ્યક્ત કરી છે.

રાઠોડે જરૂર જણાય તો સામાન્ય સભા મોટા હોલમાં યોજવાના વિકલ્પ પર પણ વિચારણા તંત્ર કરે તેવુ જણાવ્યુ છે.

# ધોળાકુવા રામનગર વસાહતમાં ગટરો ઉભરાવાની સમસ્યાથી રહીશો તોબા

ગાંધીનગર તા ૧૦

ગાંધીનરના સેકટરો ઉપરાંત આસપાસના ગામોમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. શહેરના સેકટરોમાં પણ ગટર ઉભરાતી



હોવાની ફરિયાદોના લીધે દુષિત પાણી ફરી વળતુ હોવાની સાથે ગંદકી થતી હોવાના દ્રશ્યો વારંવાર જોવા મળે છે. જયારે ધોળાકુવા ગામમાં પમ રામનગર વસાહતમાં લાંબા સમયથી ગટરો ઉભરાતી હોવાના મામલે સ્થાનિકોમાં રોષ પ્રવર્તાયો છે. આ મામલે ત્વરિત પગલા લેવાય તે અનિવાર્ય છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુની ગટર લાઈન સેકટરના વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત ન હોવાથી શિરદર્દ સમાન બની છે. વર્ષો જુની લાઈનમાં વારંવાર ભંગાણ થવાની સાથે લીકેજીસની સમસ્યા પણ પેચીદી બને છે. તંત્ર દ્વારા અપુરતા મેન પાવર અને મશીનરી વચ્ચે જુની લાઈનમાં વારંવાર ઉઠતી ફરિયાદોને ડામવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ ગટર લાઈન ખુબ જ જુની હોવાના લીધે ઘણીવાર એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાય છે. શહેરમાં સમયાંતરે ઉઠતી ગટરો ઉભરાવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. ત્યારે ગટર લાઈનની આ સમસ્યાના કાયમી નિવારણ માટે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નવી લાઈન નાંખવાનુ પણ આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે ટુંકમાં કામગીરી પણ શરૂ કરી દેવાશે. શહેરના સેકટરોમાં નવી લાઈન નાંખવા માટેની કામગીરી સાથે ઠેર ઠરે ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો પણ દિનપ્રતિદિન ઉઠતી રહે છે. સે-૩ બીમાં પણ છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની ફરિયાદ સ્થાનિકો માટે શિરદર્દ બની છે. જયારે સેકટરો ઉપરાંત આસપાસના ગામોમાં પણ ગટરની સમસ્યા સતત ઉઠતી રહે છે. ધોળાકુવામાં પણ આવી જ સ્થિતિ છે. ધોળાકુવા રામનગર વસાહતમાં પણ લાંબા સમયથી ગટરો ઉભરાતા રહીશો પરેશાન છે. ગટરના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો ત્રાહીમામ છે. શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં પણ ગટરની સમસ્યા પેચીદી બનતી જાય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com